કો. મુ. નં. ૭૨ / ૨૦૧૮

## આંક ૫ ની અરજી લગત હુકમ

વાદી તર્ફે વિ.વ.શ્રી એન. એન. પરમાર

પ્રતિવાદીઓ તર્ફે વિ.વ.શ્રી વી. એમ. પટેલ

૧. વાદી દ્વારા હાલનો દાવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ કાયમી મનાઇહુકમ તથા જ્ઞાપનની દાદ મેળવવા સારૂ દાખલ કરેલ છે અને તે સાથે હાલની મનાઇ અરજી રજુ કરી જણાવેલ છે કે, મોજે ગામ ખડાણા, તા. પેટલાદની સીમના જુના રે.સ.નં. ૬૧૧, જેનો બ્લોક/સર્વે નં. ૧૪૩૧ જેનું ક્ષેત્રફળ સુમારે ૨-૬૬-૬૧ જે પૈકી અમો વાદીના હીસ્સાનું ક્ષેત્રફળ એકર ૧-૨૬ ગુંઠા જે ૦-૬૬-૦૦ હે.આ. વાળો ઉત્તર પુર્વ બાજુનો ૦-૬૬-૦૦ હે. વાળો ભાગ અમો વાદીનો આવેલ છે. જેના અમો વાદી સ્વતંત્ર માલીક અને કબજેદાર છીએ. અમો વાદી ડાંગર, તમાકુ, ઘંઉ, બાજરી વિગેરેના પાકો કરતાં આવેલા છીએ અને જમીન મહેસુલ પણ અમો વાદી ભરીએ છીએ તેમજ જે.કે.ફાર્મ તથા ખુમાનસંગ શનાભાઇના પંપનું પાણી લઇએ છીએ તથા જરૂર પડે નહેરનું પાણી પણ લઇ પાક કરતાં આવેલા છીએ અને ખતરમાં રહી ખેતી કરીએ છીએ. ખેતરમાં અમારી છાપરી પણ આવેલી છે. આ કામના પ્રતિવાદીઓનો કોઇ લાગ ભાગ હકક હીસ્સો આવેલ નથી અને પ્રતિવાદીઓ વર્ષોથી બહાર રહે છે. સદર કામના પ્રતિવાદીઓને ફાળે પડતી જમીનના હીસ્સાની રકમ ચુકવી આપેલ છે અને પ્રતિવાદીઓએ તેમનો હીસ્સો છોડી દીધેલ છે. આ કામના પ્રતિવાદી નં. ૩ નાએ પોતાનો હકક જતો કર્યાનો લેખ તા. ૧૨/૦૫/૨૦૧૦ ના રોજ કરી આપેલ છે તેમજ પ્રતિવાદી નં. ૧, ૨, ૪ એ પણ તેમના હીસ્સાની રકમ લઇ પોતાનો હીસ્સો જતો કરેલ છે પરંતુ એક જ કુંટુંબના હોઇ વિશ્વાસે લખાણ કરાવેલ નહી. જેથી સદર મિલકતમાં પ્રતિવાદીઓનો કોઇ લાગ ભાગ રહ્યો નથી અને મારા પિતાશ્રીએ તેમની હયાતીમાં સદર ખેતર અમો વાદીને આપેલ છે. આ કામના પ્રતિવાદીઓના નામ હકક કમી થયેલ હોવા છતાં રેકર્ડમાં નામો ચાલતાં હોઇ તેનો લાભ લેવા અને બજાર કિંમત ઉચકાઇ હોવાથી ખોટી રીતે અમારી પાસેથી જમીન પડાવી લેવા અને ડાંગર કાપી લેવાની છેલ્લા બે દિવસથી ધમકી આપે છે. સદર દાવાવાળી મિલકત મારા પિતાશ્રીએ તેમની હયાતીમાં અમો વાદીને સ્વતંત્ર રીતે આપેલ છે. આ કામના પ્રતિવાદીઓ વર્ષોથી બહાર ગામ રહેતાં આવેલા છે અને કદી ખેતી કરી નથી, માટે અમો વાદીનો પ્રાયમાફેસી કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ અમો

વાદીના લાભમાં છે. હાર્ડશીપ પણ અમો વાદીને થાય તેમ છે. જયારે પ્રતિવાદીઓને કોઇ નુકસાન થાય તેમ નથી. જેથી દાવો દાખલ કરી તે સાથે આંક ૫ થી દરમિયાન મનાઇહુકમ મેળવવાની અરજી કરી દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓ જાતે પોતે, નોકરો, એજન્ટો, કુલમુખત્યાર, મજુરો મારફતે દાવાવાળા ખેતરમાં પ્રવેશ કરે કરાવે નહી કે ખેતીકામ કરતાં અટકાયત અવરોધ કરે કરાવે નહી તેવો પ્રતિવાદીઓ વિરૂઘ્ધ કામચલાઉ મનાઇહુકમ આપવા માંગણી કરેલ છે.

૨. વાદીએ પોતાની અરજીના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

અ. માર્ક ૩/૧ વાદગ્રસ્ત જમીનના ગામ નમુના નં. ૭/૧૨ ની નકલ

બ. માર્ક ૩/૨ વાદગ્રસ્ત જમીનના ગામ નમુના નં. ૭/૧૨ ની નકલ

ચ. માર્ક ૩/૩ વાદગ્રસ્ત જમીનના ગામ નમુના નં. ૭/૧૨ ની નકલ

દ. માર્ક ૩/૪ વાદગ્રસ્ત જમીનના ગામ નમુના નં. ૭/૧૨ ની નકલ

ઇ. માર્ક ૩/૫ સંમતિ જવાબ

ફ. માર્ક ૨૧/૧, ૨૧/૨, ૨૧/૩, ૨૧/૪ જમીન મહેસુલ ભર્યાની પાવતીઓ

ગ. માર્ક ૨૧/૫ કરાર લેખ

હ. માર્ક ૨૧/૬ પાણીની પાવતી

I. માર્ક ૨૧/૭ ગામ નમુના નં. ૮-અ

જ. માર્ક ૨૧/૮ ડાંગરની પહોંચ

૩. પ્રતિવાદીઓને દાવાનો સમન્સ/નોટીસની બજવણી થતાં તેઓ તેમના વકીલશ્રી મારફતે હાજર થઇ આંક ૧૬ થી લેખિત જવાબ રજુ કરી વાદીના દાવા તથા મનાઇઅરજીની તમામ હકીકતોનો ઇન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે, મોજે ગામ ખડાણા, તા. પેટલાદ, જી. આણંદની સીમના ખાતા નં. ૧૪૩૧ ના બ્લોક નં. ૧૪૩૧ જુનો સર્વે નં. ૬૧૧ હે. ૨-૬૬-૬૧ આ. રૂા. ૩૪-૫૬ પૈકી ઉત્તર બાજુની એકર ૧-૨૬ ગુંઠા હે. ૦-૬૬-૦૦ વાળી જમીન અમો પ્રતિવાદી નં. ૧ ના પતિ તથા પ્રતિવાદી નં. ૨ થી ૪ તથા વાદીના પિતા ચંદુભાઇ મોહનભાઇ પરમારની આવેલી હતી અને સદર અમારા પિતા હયાત હતાં ત્યારે તે સદર જમીન ખેડતાં હતાં અને અમારા વડીલ ચંદુભાઇ મોહનભાઇ પરમાર નાઓ તા. ૧૨/૦૭/૨૦૧૦ ના રોજ ખડાણા મુકામે મૈયત થતાં સદર જમીન અમો પ્રતિવાદીઓ તથા વાદીને કાયદેસરના વારસાઇ હકકે પ્રાપ્ત થયેલ છે અને અગાઉ સદર જમીનના રેકર્ડે અમારા અમારા વડીલ

ચંદુભાઇ મોહનભાઇ પરમારની વારસાઇ કરાવવા ફેરફાર નોંઘ નં. ૪૧૭૬ તા. ૧૧/૦૭/૨૦૧૭ ના રોજ પડાવેલ અને તે ફેરફાર નોંઘ તા. ૦૩/૧૦/૨૦૧૭ ના રોજ પ્રમાણીત થતાં સદર જમીનના રેકર્ડે અમો પ્રતિવાદીઓ તથા વાદી મૈયત ચંદુભાઇ મોહનભાઇ પરમારના વારસો તરીકે દાખલ થયેલ છે. આમ, સદર દાવાવાળી જમીનના વાદી તથા અમો પ્રતિવાદીઓ સહમાલીક અને સહકબજેદાર છીએ. સદર દાવાવાળી જમીન વાદીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલ નથી. પરંતુ વાદી તથા અમો પ્રતિવાદીઓની સંયુકત માલીકી કબજા ભોગવટાની આવેલી છે અને અમો પ્રતિવાદીઓ તથા વાદી સદર જમીનમાં સંયુકત રીતે ખેતી કરી ખેત ઉત્પન્ન લેતાં આવેલા છીએ તથા દાવાવાળી જમીનના તમામ પ્રકારના સરકારી વેરા જેવા કે જમીન મહેસુલ, વી.પી. શેષ તથા શિક્ષણ ઉપકરના વેરા અમો પ્રતિવાદીઓ ભરતાં આવેલા છીએ તથા સદર દાવાવાળી જમીનમાં અમો પ્રતિવાદીઓ તથા વાદી સંયુકત રીતે સીઝન બંઘ પાકો પકવી ખેત ઉત્પન્ન મેળવતાં આવેલા છીએ. સદર કામના વાદીએ આ કામે આંક ૩ ના લીસ્ટથી દાવાવાળી જમીનની ૭/૧૨ ના ઉતારાની નકલ રજુ કરેલ છે. જે નકલમાં અમો પ્રતિવાદીઓ તથા વાદી સિવાય બીજા ઘણાં બઘા નામો ચાલુ આવેલ છે. તેમ છતાં સદર કામના વાદીએ તેમની દાવાઅરજમાં અમો પ્રતિવાદીઓ સિવાય બીજા સહ માલીકોને પક્ષકાર બનાવેલ ના હોય સદર કામના વાદીના દાવાને નોન જોઇન્ડર પાર્ટીઝનો બાઘ નડતો હોય વાદીની દાવાઅરજ તથા મનાઇઅરજ ટકી શકે તેમ ના હોય રદ કરવા વિનંતી છે. સદર કામના વાદીએ એવી હકીકતો જણાવેલ છે કે, દાવાવાળી જમીનમાં અમો પ્રતિવાદીઓએ અમારો આવતો હકક હીસ્સો વાદીની તરફેણમાં રૂપિયા લઇને જતો કરેલની હકીકતો જણાવેલ છે. જે બીનપાયેદાર તથા પુરાવા વગરની ખોટી જણાવેલ છે. અમો પ્રતિવાદીઓને દાવાવાળી જમીનમાં અમારો આવતો કાયદેસરનો હકક હીસ્સો વાદી કે કોઇની તરફેણમાં રૂપિયા લઇ જતો કરેલ નથી તેમ છતાં વાદીએ તેમની દાવાઅરજ તથા મનાઇઅરજમાં એવુ પ્લીડીંગ કરેલ છે, પરંતુ તે અંગેનો કોઇ આઘાર પુરાવો રજુ કરેલ નથી કારણ કે, એવી કોઇ હકીકતો બનેલ ના હોય જેથી વાદી કેવી રીતે તેનો પુરાવો રજુ કરી શકે તેમજ અમો પ્રતિવાદી નં. ૩ એ રૂા. ૪૦,૦૦૦/- લઇ હકક જતો કરેલાની હકીકતો વાદીએ ખોટી જણાવેલ છે. અમો પ્રતિવાદી નં. ૩ નાએ તા. ૧૨/૦૫/૨૦૧૦ ના રોજ કોઇ સંમતિ જવાબ કરેલ નથી કે તેમાં અમો પ્રતિવાદી નં. ૩ ની સહી નથી તેમ છતાં વાદીએ દાવાવાળી જમીન એકલાને જુટવી લેવી હોય જેથી વાદીએ બીનપાયેદાર આઘાર પુરાવા વગરની હકીકતો જણાવી હાલની દાવાઅરજ તથા મનાઇઅરજ કરેલ હોય અને તેના ઓથા હેઠળ વાદીને દાવાવાળી જમીન એકલાને પડાવી લેવાનું વાદીએ ષડયંત્ર રચેલ છે. સદર કામના વાદીએ

અમો પ્રતિવાદી નં. ૨ થી ૪ ની બહેન થાય છે અને સદર કામના વાદીના આજથી આશરે ૨૦ વર્ષ ઉપર વાચ્છીયેલના રતનસિંહ ફતેસિંહ સોલંકી સાથે થયેલ છે અને વાદીના લગ્ન થયેલ બાદ વાદી તેમની સાસરી વાછીયેલ મુકામે તેમના પતિની સાથે રહેતાં આવેલા છીએ તથા વાદીના તેમના પતિના લગ્નજીવન દરમિયાન એક દીકરી ગાયત્રી તથા એક દીકરો પંકજ તથા બીજી એક દીકરી છે અને આ કામ વાદીના લગ્ન થયા બાદ વાદી તેમની સાસરીમાં રહેતાં આવેલા છે અને હાલમાં પણ તેમની સાસરીમાં રહે છે. સદર કામે કોર્ટ કમિશ્નર દ્વારા કાયદા વિરૂઘ્ઘ પંચનામુ કરેલ છે. નામ. કોર્ટ દ્વારા કોર્ટ કમિશ્નરને દાવાવાળી જમીનનું સ્થળ સ્થિતિનું પંચનામુ કરવાનો હુકમ કરેલ હતો નહી કે પાક કોઇ લઇ ગયેલ કે કોને કોન ગીરો મુકેલ કે ભાગ આપેલ છે તેવી હકીકતો તપાસવાનો કોઇ હુકમ કરેલ ના હોવા છતાં કોર્ટ કમિશ્નરશ્રીએ કાયદાની બહાર જઇ પંચનામામાં તે હકીકતો અમો પ્રતિવાદીએ વિરોઘ કરેલ હોવા છતાં લખેલ હોય તેની સામે અમો પ્રતિવાદીઓને સખત વાંઘો વિરોઘ છે. સદર હકીકતે વાદીની દાવા તથા મનાઇઅરજ ખર્ચ સહ રદ કરવા માંગણી કરેલ છે.

૪. પ્રતિવાદીઓએ પોતાના જવાબના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

અ. માર્ક ૧૭/૧ ચંદુભાઇ મોહનભાઇ પરમારનો મરણ દાખલો

બ. માર્ક ૧૭/૨ વાદગ્રસ્ત જમીનની ગામ નમુના નં. ૭/૧૨

ચ. માર્ક ૧૭/૩ ફેરફાર નોંઘ નં. ૪૧૭૬

દ. માર્ક ૧૭/૪, ૧૭/૫, ૧૭/૬ જમીન મહેસુલની પહોંચ

૫. વાદીએ રજુ કરેલ દાવા અરજી, આંક ૫ ની અરજી તે સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા તેમજ પ્રતિવાદીઓ તર્ફે રજુ થયેલ લેખિત જવાબ તથા દસ્તાવેજી પુરાવાઓ તથા બન્ને પક્ષે થયેલ દલીલો ઘ્યાને લેતાં આ અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલ છે.

૧. શું વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરે છે?

૨. શું સગવડ અગવડની સમતુલા વાદીની તરફેણમાં છે?

૩. શું વાદી પુરવાર કરે છે કે, જો માંગ્યા મુજબનો મનાઇહુકમ આપવામાં ન આવે તો તેઓને નાણાથી ભરપાઇ ન થઇ શકે તેવુ અપરીહાર્ય નુકસાન થાય તેમ છે?

૪. શું હુકમ?

૬. ઉપરોકત મુદાઓનો મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ

## કારણો

**મુદા નં. ૧ થી ૪**

૭. ઉપરોકત ચારેય મુદાઓ એકબીજા સાથે સંકળાયેલા હોઇ તમામ મુદાની અલગ અલગ ચર્ચા કરી પુનરાવર્તન ન થાય તે માટે તમામ મુદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

૮. એ સર્વમાન્ય સિઘ્ધાંત છે કે કામચલાઉ મનાઇહુકમએ સમન્યાયની દાદ છે અને સમન્યાયની દાદ મેળવવા માંગતી વ્યકિતએ કોર્ટ રૂબરૂ ત્રણ વસ્તુઓ તેમની તરફેણમાં સાબિત કરવાની રહે છે. આ ત્રણ વસ્તુઓમાં સર્વપ્રથમ દાવામાં ગંભીર પ્રકારના પ્રશ્નો સંડોવાયેલા છે અને જે દાદ માંગેલ છે તેમાં કોર્ટની દખલ અંદાજી અત્યંત જરૂરી છે. જો તેમ ન કરવામાં અવો તો વાદીને તેનો હકક પ્રસ્થાપીત થાય તે પહેલા નાણામાં ભરપાઇ ન થઇ શકે તેવુ નુકસાન જવાની સંભાવના છે.

૯. નામ. સુપ્રિમ કોર્ટ તથા નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા વખતો વખતના ચુકાદાઓથી સ્પષ્ટ કરેલ છે કે, જયારે કોઇપણ દાવામાં સોગંદનામા પરથી અથવા બીજી રીતે સાબીત થાય કે દાવાના કોઇપણ પક્ષકાર દાવાની કોઇપણ તકરારી મિલકત વેડફી નાંખશે, કોઇપણ મિલકતને નુકસાન કરશે અથવા તો મિલકત કોઇને આપી દેશે અથવા તો દાવામાં તકરારી મિલકત સંદર્ભે વાદીનો કબજો છોડાવી દેવાનો અથવા બીજી રીતે વાદીને નુકસાન પહોંચાડવાની પ્રતિવાદી ઘમકી આપે ત્યારે હુકમ કરી ન્યાયાલયે એવુ કાર્ય થતું અટકાવવા માટે કામચલાઉ મનાઇહુકમ આપવો જોઇએ અથવા તો દાવાનો નિકાલ થતાં સુઘી અથવા તો બીજો હુકમ થતાં સુઘી તે મિલકત વેડફાઇ જતી હોય તો, તેને નુકસાન થતું હોય તો, અન્યને આપી દેવાની હોય તો કે વેચાણ કરવામાં આવતી હોય તો અથવા કોઇપણ રીતે તેનો નિકાલ થતો હોય તો તેવી કાર્યવાહી બંઘ રખાવવા તથા અટકાવવા અથવા દાવામાંની તકરારી મિલકતનો વાદીનો કબજો છોડાવી દેવા અથવા તો નુકસાન પહોંચાડવા માટે પોતાને યોગ્ય લાગે તેવો બીજો હુકમ કરી શકશે.

કામચલાઉ મનાઇહુકમની દાદ સમન્યાયની દાદ છે તેનો મુખ્ય ઉદ્દેશ પક્ષકારો વચ્ચેની તકરારોનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષય વસ્તુની યથાવત પરિસ્થિતિ રાખવાની છે.

૧૦. અત્રે ઉલ્લેખનીય છે કે, વાદી દ્વારા હાલની અરજી વચગાળાનો હુકમ મેળવવા દાખલ કરેલ છે અને તે સંજોગોમાં પક્ષકારો તર્ફે કોઇ પુરાવા રજુ થયેલ નથી, તે હકીકતને નજર સમક્ષ રાખી વાદી દ્વારા રજુ કરવામાં આવેલ દાવા અરજી તથા તે સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા તેમજ પ્રતિવાદીઓ તર્ફે રજુ થયેલ દાવાજવાબ તથા તે સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લઇ હાલની અરજી નિર્ણય કરવાનો રહે છે.

૧૧. સદર કામે વાદીને તેઓની અરજી અનુસંધાને આંક ૨૮ થી લેખીત દલીલ રજુ કરેલ છે જે વંચાણે લીધી તથા પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી દ્વારા મૌખીલ દલીલ કરેલ છે.

૧૨. બંને પક્ષોની દલીલ સાંભળી તથા વાદીની દાવા અરજીની હકીકતો તથા પ્રતિવાદી તર્ફે રજુ થયેલ દાવાજવાબ તથા સામા મનાઇહુકમ મેળવવાની અરજી તથા તે સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. હાલના કામે વાદીની દાવાઅરજીની હકીકતે મોજે ગામ ખડાણા, તા. પેટલાદના જુના સર્વે નં. ૬૧૧, બ્લોક/સર્વે નં. ૧૪૩૧ જેનું ક્ષેત્રફળ હે. ૨-૬૬-૬૧ છે જે પૈકી એકર ૧-૨૬ ગુંઠા યાને કે હે. ૦-૬૬-૦૦ ઉત્તર પુર્વ તરફ આવેલ જમીન વાદીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં સ્વતંત્ર માલીક તરીકે આવેલ છે. સદર કામે વાદીની દાવાઅરજી મુજબ સદર જમીન તેમના પિતા ચંદુભાઇ મોહનભાઇ પરમાર દ્વારા તેઓની હયાતીમાં વાદીને આપવામાં આવેલ હતી અને સદર કામના પ્રતિવાદીઓએ સદર જમીનમાંથી પોતાનો હકક હીસ્સો વાદીના લાભમાં છોડી દીઘેલ હોવા છતાં રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીઓના નામ ચાલતાં હોય કબજો લઇ લેવા ઘમકી આપેલ હોય વાદી દ્વારા હાલનો દાવો દાખલ કરી દરમિયાન મનાઇહુકમની માંગણી કરવામાં આવેલ છે. જે સામે પ્રતિવાદી દ્વારા આંક ૧૬ થી દાવાજવાબ રજુ કરી વાદગ્રસ્ત જમીન વાદી તથા પ્રતિવાદીઓની સંયુકત માલીકીની જમીન આવેલ છે અને સંયુકત કબજો ભોગવટો આવેલ છે તેમ જણાવેલ છે. વઘુમાં પ્રતિવાદી દ્વારા જણાવેલ છે કે, મોજે ગામ ખડાણા ના બ્લોક/સર્વે નં. ૧૪૩૧ વાળી જમીનના ગામ નમુના નં. ૭/૧૨ વંચાણે લેવામાં આવે તો વાદી, પ્રતિવાદીઓ સિવાય પણ અન્ય ઇસમોના નામો દાખલ થયેલ છે, જેઓને હાલના કામે પક્ષકાર તરીકે જોડવામાં આવેલ નથી. આમ, વાદીના દાવાને નોન જોઇન્ડર ઓફ પાર્ટીઝનો બાઘ નડે છે તેમ

જણાવી વાદીનો દાવો તથા મનાઇહુકમ મેળવવાની અરજી નામંજુર કરવા માંગણી કરેલ છે. સદર કામે વાદી તથા પ્રતિવાદીઓ દ્વારા તેઓના પ્લીડીંગ્સના સમર્થનમાં આંક ૦૩, ૨૦ તથા ૨૧ થી દસ્તાવેજી પુરાવા તથા ત્રાહીત ઇસમોના સોગંદનામા રજુ કરેલ છે. જે વંચાણે લીધા. વાદી દ્વારા આંક ૧૯ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે જે વંચાણે લીધુ.

૧૩. હાલના કામે વાદી દ્વારા વાદગ્રસ્ત જમીનનું કોર્ટ કમિશ્નર દ્વારા પંચનામુ કરવા અરજી આપતાં જે મંજુર રાખેલ હોય કોર્ટ કમિશ્નર દ્વારા કરવામાં આવેલ પંચનામુ તથા નકશો હાલના કામે નિ. ૧૪/૨ તથા નિ. ૧૪/૩ થી રજુ કરવામાં આવેલ છે. જે સામે પ્રતિવાદી દ્વારા આંક ૧૮ થી પંચનામા સામે લેખીત વાંધા રજુ કરવામાં આવેલ છે.

૧૪. હાલના કામે વાદી દ્વારા મોજે ગામ ખડાણાના બ્લોક/સર્વે નં. ૧૪૩૧ હે. ૨-૬૬-૬૧ વાળી જમીન પૈકી ઉત્તર પુર્વ તરફ આવેલ હે. ૦-૬૬-૦૦ વાળી જમીન સ્વતંત્ર માલીક તરીકે વાદીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ હોવાની હકીકત જણાવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વાદી તથા પ્રતિવાદી નં. ૧ સંબંધે દીકરી અને માતા તથા વાદી તથા પ્રતિવાદી નં. ૨ થી ૪ સંબંધ બહેનો અને ભાઇઓ થાય છે અને સદર કામના વાદી તથા પ્રતિવાદીઓ મૈયત ચંદુભાઇ મોહનભાઇ પરમારના વારસદારો છે. સદર કામે પ્રતિવાદી તર્ફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા પૈકી નિ. ૧૭/૩ થી ફેરફાર નોંધ નં. ૪૧૭૬ રજુ કરવામાં આવેલ છે, જે વંચાણે લેતાં ચંદુભાઇ મોહનભાઇ પરમાર મરણ જતાં હાલના કામના વાદી તથા પ્રતિવાદીઓના નામ સંયુકત રીતે જમીનના રેવન્યુ રેકર્ડમાં વારસાઇ હકકે દાખલ થયેલ છે અને નિ. ૩/૧ થી વાદગ્રસ્ત જમીનના ગામ નમુના નં. ૭/૧૨ વંચાણે લેતાં સદર ફેરફાર નોંધ અનુસંધાને ચંદુભાઇ મોહનભાઇ પરમારના વારસ તરીકે વાદી તથા પ્રતિવાદીઓના નામ સંયુકત રીતે ચાલતાં આવેલ છે. હાલના કામે વાદી દ્વારા બ્લોક/સર્વે નં. ૧૪૩૧ ના ઉત્તર પુર્વ તરફ હે. ૦-૬૬-૦૦ વાળી જમીન તેઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની છે તેવી હકીકત જણાવેલ છે. પરંતુ સદર કામે બ્લોક/સર્વે નંબર ૧૪૩૧ ના કુલ ક્ષેત્રફળ હે. ૨-૬૬-૬૧ પૈકી હે. ૦-૬૬-૦૦ અલગ પડેલ હોય કે બ્લોક વિભાજન થયેલ હોય તેવી કોઇ હકીકત વાદી તર્ફે રજુ કરવામાં આવેલ નથી.

૧૫. હાલના કામે નિ. ૩/૧ થી રજુ કરવામાં આવેલ વાદગ્રસ્ત જમીનના ૭/૧૨ ની નકલ વંચાણે લેતાં હાલના કામના વાદી તથા પ્રતિવાદીઓ સાથે શાંતાબેન તે બુધાભાઇ પુનમભાઇની વિધવા વિગેરે ૧૮

નામો ચાલતાં આવેલ છે. હાલના કામે વાદી દ્વારા હે. ૦-૬૬-૦૦ ઉત્તર પુર્વ બાજુની જમીન તેઓની સ્વતંત્ર માલીકીની છે તેવી હકીકત દાવાઅરજીમાં જાહેર કરેલ છે પરંતુ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ સદર માપ પુરતી જમીન અલગ થયેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ પર જણાય આવેલ નથી. વઘુમાં નિ. ૩/૧ થી રજુ કરવામાં ગામ નમુના નં. ૭/૧૨ મુજબ વાદગ્રસ્ત જમીન તા. ૦૪/૧૦/૨૦૧૭ ની સ્થિતિએ હાલના કામના વાદી તથા પ્રતિવાદીઓ ઉપરાંત અન્ય ઇસમોના સંયુકત નામે ચાલતી આવેલ છે. આમ, સદર વાદગ્રસ્ત જમીન રેવન્યુ રેકર્ડ ઉપરથી સંયુકત નામે ચાલતી હોય તેમ જણાય આવે છે.

૧૬. ઉપરોકત કરેલ ચર્ચા મુજબ વાદી તથા પ્રતિવાદીઓ સગા ભાઇ બહેનો છે તેમજ ચંદુભાઇ મોહનભાઇ પરમારના વારસદારો છે. તે સંજોગોમાં જયારે રેવન્યુ રેકર્ડ ઉપરથી જમીન સંયુકત નામે આવેલ હોવાનું જણાય આવે છે અને સદર જમીનમાં વાદીના વડીલ ચંદુભાઇ મોહનભાઇ પરમાર ઉપરાંત બુઘાભાઇ પુનમભાઇ, પુનમભાઇ, મથુરભાઇ, છોટાભાઇ તથા કાંતીભાઇના વારસદારોનો પણ સદર જમીનમાં હકક હીસ્સો સમાયેલો હોવાનું જણાય આવે છે. સદર ઇસમોને વાદી દ્વારા હાલના કામે પક્ષકાર તરીકે જોડવામાં આવેલ નથી. વાદી દ્વારા હાલના દાવાના કામે બ્લોક/સર્વે નં. ૧૪૩૧ ના કુલ ક્ષેત્રફળ હે. ૨-૬૬-૬૧ પૈકી હે. ૦-૬૬-૦૦ સંબંઘી દાદ માંગવામાં આવેલ છે. પરંતુ સદર જમીન સંયુકત નામે ચાલતી હોય અને વાદી જણાવે છે મુજબ કોઇ બ્લોક વિભાજન થયેલ નથી તે સંજોગોમાં ગામ નમુના નં. ૭/૧૨ મુજબના તમામ કબજેદારો હાલના દાવાના કામે જરૂરી પક્ષકાર છે તેવુ અદાલતનું માનવુ છે.

૧૭. હાલના કામે વાદી દ્વારા પ્રતિવાદીઓએ તેઓનો હકક હીસ્સો વાદીના લાભમાં જતો કરેલ છે તેવી હકીકત જણાવેલ છે. પરંતુ હાલના કામે તેવો કોઇ પુરાવો વાદી દ્વારા રજુ કરવામાં આવેલ નથી. વાદી દ્વારા નિ. ૩/૫ થી સંમતિ જવાબ રજુ કરી પ્રતિવાદી નં. ૩ દ્વારા સદર જમીનમાંથી પોતાનો હકક હીસ્સો વાદીના લાભમાં જતો કરેલ છે તેવી હકીકત જણાવે છે. પરંતુ સદર નિ. ૩/૫ થી રજુ સંમતિ જવાબ વંચાણે લેતાં હાલના કામના પ્રતિવાદી નં. ૩ દ્વારા તેમના પિતા યાને કે ચંદુભાઇ મોહનભાઇ પરમાર પાસેથી રૂા. ૪૦,૦૦૦/- લીઘેલ છે યાને કે પ્રતિવાદી નં. ૩ દ્વારા તેઓનો હકક હીસ્સો તેમના પિતા પાસેથી રકમ લઇ જતો કરેલ છે. સદર રકમ વાદીએ ચુકવેલ હોય કે પ્રતિવાદી નં. ૩ દ્વારા વાદીના લાભમાં હકક હીસ્સો જતો કરેલ હોય તેવી કોઇ હકીકત નિ. ૩/૫ થી જણાય આવેલ નથી. જેથી વાદી દ્વારા પ્રતિવાદી નં. ૩ દ્વારા તેઓના લાભમાં હકક હીસ્સો જતો કરેલ હોવાની જે હકીકત દાવાઅરજીમાં

જણાવેલ છે તેવી કોઇ હકીકત નિ. ૩/૫ થી જણાય આવેલ નથી. વધુમાં સદર નિ. ૩/૫ નું લખાણ માની લેવામાં આવે તો પણ પ્રતિવાદી નં. ૩ નાઓએ તેઓનો હકક તેમના પિતા પાસેથી રકમ લઇ જતો કરેલ હોય પ્રતિવાદી નં. ૩ નો વારસાઇ હકકે જે કાંઇ હકક હીસ્સો આવે તે વાદી તથા પ્રતિવાદી નં. ૧, ૨ તથા ૪ સંયુકત રીતે મેળવવા હકકદાર થાય છે. પરંતુ સ્વતંત્ર રીતે વાદી એકલા મેળવવા હકકદાર થાય છે તેમ કહી શકાય નહી. જેથી પ્રતિવાદી નં. ૩ દ્વારા વાદીના લાભમાં પોતાનો હકક હીસ્સો જતો કરેલ હોય તેવી હકીકત રેકર્ડ પર આવેલ નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, વાદી તથા પ્રતિવાદીઓ મૈયત ચંદુભાઇ મોહનભાઇ પરમારના કાયદેસરના વારસદારો છે અને વાદગ્રસ્ત જમીન મૈયત ચંદુભાઇ મોહનભાઇ પરમારને વારસાઇથી મળેલ છે તેવી હકીકત રજુ કરેલ ગામ નમુના નં. ૭/૧૨ ઉપરથી જણાય આવે છે. હવે જો ચંદુભાઇ મોહનભાઇ પરમારને સદર જમીન વારસાઇથી યાને કે વડીલોપાર્જીત મળેલ હોય તો વાદી તથા પ્રતિવાદીઓનો સદર ચંદુભાઇ મોહનભાઇ પરમારના વારસદારો તરીકે સરખો હીસ્સો સમાયેલ છે તેમ કહી શકાય. હાલના કામે વાદી દ્વારા ચંદુભાઇ મોહનભાઇ પરમારની મિલકતમાં સ્વતંત્ર માલીકી હકક જણાવી દાદ માંગવામાં આવેલ છે તેમજ જણાવેલ છે કે, વાદીના પિતાએ સદર જમીન વાદીને તેઓની હયાતીમાં આપી દીધેલ છે. અત્રે સ્પષ્ટતા કરવાની કે, નિ. ૧૭/૧ મુજબ ચંદુભાઇ મોહનભાઇ પરમાર તા. ૧૨/૦૩/૨૦૧૦ ના રોજ મરણ ગયેલ છે અને વાદી દ્વારા જયારે હાલનો દાવો કરવામાં આવેલ છે ત્યારે પ્રતિવાદી નં. ૧ તરીકે સદર ચંદુભાઇ મોહનભાઇ પરમારના પત્ની હયાત છે તે સંજોગોમાં વાદીને સ્વતંત્ર હકકે કઇ રીતે હકક પ્રાપ્ત થયેલ છે તે અંગે કોઇ સ્પષ્ટતા વાદી તર્ફે કરવામાં આવેલ નથી. વધુમાં વાદીના લાભમાં ચંદુભાઇ મોહનભાઇ પરમાર દ્વારા વાદગ્રસ્ત જમીન સંબંધી વીલ કે વીલ સ્વરૂપનું લખાણ કરી આપેલ હોય તેવી પણ કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી કે વાદીનો તેવો કોઇ કેસ નથી. સદર હકીકતે ચંદુભાઇ મોહનભાઇની વડીલોપાર્જીત મિલકત વાદી યાને ચંદુભાઇની દીકરીને સ્વતંત્ર હકક કઇ રીતે પ્રાપ્ત થયેલ છે તે અંગે કોઇ પુરાવો કે હકીકત વાદી તર્ફે રજુ કરવામાં આવેલ નથી. જેથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતાં પ્રથમ દર્શનીય રીતે વાદગ્રસ્ત જમીન બ્લોક/સર્વે નં. ૧૪૩૧ પૈકી હે. ૦-૬૬-૦૦ અલગ પડેલ હોય તે હકીકત તથા સદર જમીન વાદીને સ્વતંત્ર હકકે મળેલ હોય તે હકીકત વાદી રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ રહેલ છે.

૧૮. વાદી દ્વારા વાદગ્રસ્ત જમીનનો કબજો તેઓનો છે તેવી હકીકત જાહેર કરી કબજાના રક્ષણ માટે મનાઇહુકમની દાદ માંગેલ છે. જયારે પ્રતિવાદી દ્વારા જણાવેલ છે કે, વાદીના લગ્ન થઇ ગયેલ છે અને તેઓ તેમના પતિ અને બાળકો સાથે તેમની સાસરીમાં રહે છે. હાલના કામે વાદી દ્વારા તેઓનો કબજો સાબીત કરવા અલગ અલગ સમયની જમીન મહેસુલ ભર્યાની પહોંચ રજુ કરેલ છે. પરંતુ સદર પહોંચ વંચાણે લેતાં વાદી, પ્રતિવાદીઓ તથા નિ. ૩/૧ મુજબના અન્ય સહ હીસ્સેદારોના સંયુકત નામે આપવામાં આવેલ છે. જેથી જમીન મહેસુલની પહોંચ પરથી વાદગ્રસ્ત જમીનનો કબજો વાદીનો હોય તેવી હકીકત રેકર્ડ પર જણાય આવતી નથી. વધુમાં નિ. ૧૪/૨ થી રજુ કરેલ વાદગ્રસ્ત જમીનનું પંચનામુ વંચાણે લેતાં તેમાં વાદીનો કબજો હોવાનું કોર્ટ કમિશ્નર દ્વારા નોંધવામાં આવેલ છે. પરંતુ સદર પંચનામા વિરૂઘ્ધમાં પ્રતિવાદી દ્વારા આંક ૧૮ થી વાંધા રજુ કરવામાં આવેલ છે. હાલના કામે વાદી દ્વારા ચંદુભાઇ મોહનભાઇ પરમાર તથા અન્ય સહ હીસ્સેદારો વચ્ચે કુલ ક્ષેત્રફળ હે. ૨-૬૬-૬૧ ની વહેંચણી થયેલ હોય કે બ્લોક વિભાજન થયેલ હોય તેવી કોઇ હકીકત રજુ થયેલ નથી. વધુમાં વાદીના સ્વતંત્ર હકકે સદર હે. ૦-૬૬-૦૦ વાળી જમીન સોંપવામાં આવેલ હોય તેવી હકીકત પણ રેકર્ડ પર આવેલ નથી. સદર હકીકતે વાદી પ્રથમ દર્શનીય રીતે હે. ૦-૬૬-૦૦ સંબંધી પોતાનો સ્વતંત્ર હકક હીસ્સો રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ રહેલ છે. વધુમાં ગામ નમુના નં. ૭/૧૨ મુજબ વાદગ્રસ્ત જમીન સંયુકત નામે આવેલ છે અને ચંદુભાઇ મોહનભાઇની વડીલોપાર્જીત મિલકત હોય સદર જમીનોમાં પ્રતિવાદીઓનો વારસાઇ હકકે હીત સમાયેલ છે તેવુ અદાલતનું માનવુ છે તેમજ વાદી તેઓનો સ્વતંત્ર કબજો દસ્તાવેજી પુરાવાથી સાબીત કરવામાં નિષ્ફળ રહેલ હોય નિ. ૧૪/૨ થી રજુ પંચનામુ હાલના તબકકે વાદીને મદદરૂપ થઇ શકે તેમ નથી. વધુમાં પંચનામાની હકીકતોને લક્ષમાં લઇ વાદીના લાભમાં હુકમ કરવો પણ ન્યાયીક જણાતુ નથી.

૧૯. ઉપરોકત હકીકતે વાદગ્રસ્ત જમીન બ્લોક/સર્વે નં. ૧૪૩૧ માં વાદીનો સ્વતંત્ર માલીકી હકક અને કબજો ભોગવટો આવેલ હોય તેવી હકીકત રજુ કરેલ દસ્તાવેજી પુરાવાથી રેકર્ડ પર આવેલ નથી. વધુમાં નિ. ૩/૧ થી રજુ થયેલ ગામ નમુના નં. ૭/૧૨ તથા નિ, ૧૭/૩ થી રજુ ફેરફાર નોંધ નં. ૪૧૭૬ મુજબ વાદગ્રસ્ત જમીન વાદી, પ્રતિવાદીઓ તથા અન્ય સહહીસ્સેદારોના સંયુકત નામે ચાલતી આવેલ છે. વાદી તેઓનો સ્વતંત્ર માલીકી હકક રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ રહેલ હોય, સંયુકત માલીકીની મિલકત સંબંઘી સહ હીસ્સેદાર અને સહમાલીકો વિરૂઘ્ધ પ્રતિબંઘીત હુકમ ફરમાવવો ન્યાયીક અને વ્યાજબી જણાય

આવતુ નથી. વધુમાં રજુ કરેલ ત્રાહીતના સોગંદનામા બંને પક્ષકારો દ્વારા તેઓના કેસના સમર્થનમાં રજુ કરવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલની અરજીનો નિર્ણય વચગાળાના તબકકે કરવામાં આવેલ છે અને પક્ષકારો તર્ફે પુરાવો રજુ કરવાનો બાકી છે તે સંજોગોમાં ત્રાહીત ઇસમોના સોગંદનામા આધારે પક્ષકારોના અધિકારો નકકી કરવા હાલના તબકકે વ્યાજબી જણાય આવતુ નથી.

૨૦. હાલના કામે વાદી મોજે ગામ ખડાણાના બ્લોક/સર્વે નં. ૧૪૩૧ હે. ૨-૬૬-૬૧ વાળી જમીન પૈકી ઉત્તર પુર્વ તરફ આવેલ હે. ૦-૬૬-૦૦ વાળી જમીન વાદીની સ્વતંત્ર માલીકીની હોવાની હકીકત જણાવી પ્રત્યક્ષ કબજો ભોગવટો વાદીનો હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા ધ્યાને લેતાં હાલના તબકકે વાદી વાદગ્રસ્ત જમીનના સ્વતંત્ર માલીક હોય કે વાદીને સદર હે. ૦-૬૬-૦૦ વાળી જમીન સ્વતંત્ર માલીકી હકકે પ્રાપ્ત થયેલ હોય તેવી હકીકત વાદી સાબીત કરવામાં નિષ્ફળ રહેલ હોય વાદી તેઓનો પ્રથમ દર્શનીય કેસ સાબીત કરવામાં નિષ્ફળ રહેલ છે અને તેથી સગવડ અગવડની સમતુલા તથા અપરીહાર્ય નુકસાન અંગેનું પાસુ વાદીના લાભમાં ન હોય વાદી માંગ્યા મુજબ મનાઇહુકમની દાદ મેળવવા હકકદાર થતાં ન હોય **મુદા નંબર (૧) થી (૩)** નો જવાબ **નકારમાં** આપી **મુદા નંબર (૪)** પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## હુકમ

૧. વાદીની આંક ૦૫ ની અરજી આથી ***નામંજુર*** કરવામાં આવે છે.

૨. હાલની અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજ તારીખ ૨૮ માહે જાન્યુઆરી સને ૨૦૨૦ ના દિને ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**(પ્રિતેશ જગદીશચંદ્ર કાયસ્થ)**
એડી. સીની. સીવીલ જજ,
પેટલાદ
(જીજે-૦૧૦૫૩)